**ભુજ શહેર બી ડીવીઝન પો.સ્ટે. ગુ.રજી.નં.૧૧૨૦૫૦૪૩૨૬૦૫૨૩/૨૦૨૬ એમ.વી.એકટ કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબનાં ગુના કામે અરજદાર : ખલીફા આરીફ અબ્દુલનાઓની મુદામાલ વાહન વચગાળાની કસ્ટડી માટે પરત મેળવવાની અરજી લગત હુકમ:–**

––––––––––––––––––––––––––––––––––––––––

(૧) હાલની અરજી, અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. અરજદાર તરફે તેઓનાં વિ.વકીલ શ્રી તેમજ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી નાઓને સાંભળ્યા.

(૨) આ કામે અરજદાર એ ઉપરોકત ગુન્હાનાં કામે પોલીસે કબ્જે લીધેલ મુદ્દામાલ વાહન હોન્ડા કંપનીનુ સાઇન ટુ વ્હીલર જેના રજી.નં. GJ–12–BC–4728 વાળુ છે,તે વચગાળાની કસ્ટડી માટે પરત મેળવવા હાલની અરજી કરેલ છે. અરજી સાથે એફ.આઈ.આર.ની નકલ, આર.સી.બુકની નકલ, આધારકાર્ડની નકલ રજુ રાખેલ છે.

(૩) ઉભય પક્ષોની દલીલો સાંભળી, અરજદારની હાલની અરજી વંચાણે લીધી, ત.ક.અ.શ્રીનો અભિપ્રાય વંચાણે લેતાં મુદામાલ અરજદારને પરત સોપવામાં આવશે તો ફરી આવા પ્રકારના ગુન્હામાં ઉપયોગ કરે તેવી શકયતા રહેલ હોઈ જેથી અરજદારને મુદામાલ પરત નહીં સોપવા અભિપ્રાય આપેલ છે. અરજદાર દવારા રજૂ કરેલ આર.સી.બુકની નકલ વંચાણે લેતાં સદરહુ મુદામાલ વાહનના માલિક હોવાનું જણાય આવે છે. આમ, ઉપરોકત હકીકતોને ધ્યાને મુદામાલ વાહન અરજદારને વચગાળાની કસ્ટડી માટે આપવામાં આવે તો કોઈ વાંધો તકરાર હોવાનું જણાતું નથી. સદર મુદામાલ પોલીસ સ્ટેશનમાં લાંબા સમય સુધી બંધ હાલતમાં પડી રહે તો નુકસાન થવાને સંભવ છે અને સદરહુ વાહનના અભાવે અરજદારને ખુબજ પરેશાની ભોગવવી પડે તેમ છે તથા આર્થિક નુકસાની વેઠવી પડે તેમ છે. તેમજ, આ સંદર્ભે અત્રેની કોર્ટ **નામદાર સુપ્રિમકોર્ટનાં સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ**

**સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૩ (૧) જી.એલ.એચ.પાના નં.૩૦૭** નાં ચુકાદા ઉપર આધાર રાખે છે.જે કેસનાં ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે ઠરાવેલ છે કે જપ્ત કરાયેલ મુદ્દામાલ લાંબા સમય સુધી પોલીસ સ્ટેશને રાખી મુકવાનો કોઈ અર્થ નથી અને આ કલમ અન્વયેની સત્તા બનતી ઝડપથી વાપરીને મિલકતનાં માલિક ને જરૂરી સમયે કોર્ટમાં હાજર રાખવાની શરતે મુદ્દામાલનો કબજો સોંપી આપવો જોઈએ અને તે સંજોગોમાં મેજિસ્ટ્રેટે યોગ્ય રકમના બોન્ડ તથા જામીનગીરી રજુ કરવાની શરતે તરતજ યોગ્ય હુકમ કરવો જોઈએ. આ કામે કબ્જે કરેલ મુદામાલ વાહનની આર.સી. બુકની નકલ ધ્યાને લેતાં સદર મુદામાલના માલીક હોવાનું જણાય છે . સદર મુદામાલ વાહન હાલમાં પોલીસ સ્ટેશનમાં પડી રહેલ છે. તેમજ,મુદામાલ યાંત્રીક સાધન હોય અને લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડી રહેવાથી નુકશાન થવાની સંભાવના હોય જેથી ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો તથા નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાને ધ્યાને લેતાં અરજદારને યોગ્ય શરતોને આધીન કબ્જે કરેલ મુદામાલ વાહન વચગાળાની કસ્ટડી માટે પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોવાનું યોગ્ય અને વ્યાજબી જણાતું હોઈ, ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(1) અરજદારની હાલની અરજી **મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર **:**ખલીફા આરીફ અબ્દુલનાઓએ ભુજ શહેર બી ડીવીઝન પો.સ્ટે. ગુ.રજી.નં.૧૧૨૦૫૦૪૩૨૬૦૫૨૩/૨૦૨૬ એમ.વી. એકટ કલમ-૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી) મુજબ નાં ગુન્હાનાં કામે પોલીસે કબજે લીધેલ મુદામાલ વાહન હોન્ડા કંપનીનુ સાઈન ટુ વ્હીલર જેના રજી.નં. GJ-12-BC-4728 વાળું છે, તે નીચે જણાવેલ શરતોને આધીન વચગાળાની કસ્ટડી તરીકે અરજદારને સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદારે મુદામાલ અંગે મુદ્ધામાલ પાવતીમાં જણાવ્યા મુજબની કિંમત કરતા દોઢી રકમનાં જાત મુચરકા તેમજ તેટલી જ રકમના સધ્ધર જામીન સહિતનાં બોન્ડ સંબંધીત પોલીસસ્ટેશન ખાતે આપવાના રહેશે.

(૨) અરજદારે મુદામાલ કોર્ટ જયારે અને જયાં ફરમાવે ત્યારે રજુ કરવાનો રહેશે.

(૩) અરજદારે મુદામાલનો કેસનો આખરી નિકાલ થતાં સુધી અન્ય કોઈ વ્યક્તિને ટ્રાન્સફર, ગીરો,વેચાણ કે બક્ષીસ કરવું, કરાવવું નહીં.

(૪) અરજદારે મુદ્ધામાલની યથાવત સ્થિતિ કેસનો આખરી નિકાલ થતાં સુધી સ્વખર્ચે જાળવી રાખવાની રહશે.

(૫) મુદામાલ કોઇ પણ તબક્કે અરજદારની માલિકીનો ન હોવાનું પુરવાર થાય તો સદર મુદામાલની માલિકી અંગે અન્ય કોઈ વ્યક્તિ દ્વારા કલેઈમ કરવામાં આવે તો અરજદારે સદર મુદામાલ તાત્કાલીક પરત કરવાનો રહેશે.

(૬) સંબંધિત પોલીસ સ્ટેશનના પી.આઇ.નાઓને આથી હુકમ કરવામાં આવે છે કે, મુદામાલ અંગે માલિકી હક્કની ખરાઇ કર્યા બાદ જ મુદામાલ પરત સોંપવો.

(૭) સદરહુ હુકમની જાણ સબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૦૩/૦૬/૨૦૨૬
ભુજ–કચ્છ.

ઈ/ચા ત્રીજા અધિક ચીફ જયુડી.મેજી.
ભુજ–કચ્છ.